StudentBounty.com

नामांक Roll No.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | | | | | | |

No. of Questions — 11

No. of Printed Pages — 3

# S—73—Gujarati (T.L.)

# माध्यमिक परीक्षा, 2014

# SECONDARY EXAMINATION, 2014

तृतीय भाषा ( **Third Language** )

# ગુજરાતી

## ( GUJARATI )

**समय : 3 $\frac{1}{4}$ घण्टे**

**पूर्णांक : 80**

**પરીક્ષાર્થીઓ માટે સામાન્ય નિર્દેશ :**

1. પરીક્ષાર્થી સૌ પ્રથમ પ્રશ્નપત્ર પર, પોતાનો નામાંક જરૂરથી લખે.

2. દરેક પ્રશ્ન કરવા ફરજીયાત છે.

3. પ્રત્યેક પ્રશ્નનો જવાબ આપેલી જવાબ પુસ્તિકામાં જ લખો.

4. જે પ્રશ્નોમાં આન્તરીક ખંડ છે, તે દરેકના ઉત્તર એક સાથે જ લખો.

5. પ્રત્યેક પ્રશ્નમાં માંગ્યા અનુસાર ઉત્તર આપવાના છે.

6. પ્રત્યેક પ્રશ્નનો જવાબ ગુજરાતી ભાષામાં લખવાનો છે.

StudentBounty.com



1. નીચેનો અપઠિત ગદ્યખંડ વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો :

વિદ્યા મેળવાનો આધાર કેવળ વિદ્યાલય ઉપર જ નથી હોતો, મુખ્યત્વે કરીને વિદ્યાર્થી ઉપર જ હોય છે. ઘણા વિદ્યાર્થીઓ વિદ્યાલયમાં જાય છે એટલું જ નહીં ઉપાધિ પણ મેળવે છે, છતાં વિદ્યા પામતા નથી. તે જ પ્રમાણે તીર્થયાત્રા કરવા તો ઘણા જાય છે, પણ તીર્થનું સાચું ફળ બધા મેળવી શકતા નથી. જેઓ જોવાની વસ્તુ જુવે નહિ, મેળવાની વસ્તુ લે નહિ તેમની વિદ્યા આખર સુધી પોથીમાં જ રહ છે. અને ધર્મ બાહ્ય આચરણમાં જ પુરાઈ રહે છે. તેઓ તીર્થમાં જાય છે ખરા, પણ જવાને તેઓ પુણ્ય માને છે, પામવાને નહિ. તેઓ અમુક જળ અથવા અમુક માટીમાં વિશેષ ગુણ રહેલો છે એમ માને છે. તેથી માણસન લક્ષ્ય ભ્રષ્ટ થાય છે. જે ચિતની સામગ્રી છે તેને વસ્તુમાં હાંકી કાઢી તેનો નાશ કરે છે. આખા દેશમાં સાધનાથી પરિશુદ્ધ થયેલી ચિતશક્તિ જેમ જેમ મલિન થતી ગઈ તેમ તેમ આ નિરર્થક બાહ્યતા વધતી ગઈ તે વાત કબૂલ કરવી જ પડશે.

પ્રશ્નો :

i) વિદ્યા મેળવવાનો આધાર કોના પર હોય છે ? 2

ii) કોની વિદ્યા પોથીમાં જ રહે છે ? 2

iii) માણસનું લક્ષ્ય કેમ ભ્રષ્ટ થાય છે ? 2

iv) માણસ શા માટે તીર્થયાત્રા કરવા જાય છે ? 2

v) ગદ્ય ખંડને યોગ્ય શીર્ષક આપો. 2

2. નીચેનામાંથી ગમે તે એક નિબંધ લખો. 8

i) મારી શાળા ii) હોળી

iii) મારું દેશ iv) પાત્ર વૃતાન્ત

v) વિદ્યાર્થી જીવનનું મહત્વ

3. તમારા મિત્રના લગ્ન હોવાથી બહાર ગામ જવાના છો અટલે પ્રધાનાચાર્ય ને ચાર દિવસની રજા બાબત પ્રાર્થના પત્ર લખો. 7

4. નીચેનો પઠિત ગદ્યખંડ વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો.

''માતા-પિતાની આજ્ઞા એ જ ધર્મ છે. તેઓ પરમેશ્વર છે. તેમને પરમેશ્વર માનીને શ્રવણે પોતાનો ઉદદાર સાધ્યો રામે પિતાની આજ્ઞાનું પાલન કરતાં રાજપાટ તજ્યો. હવે તમે કહો કે અસ્પશ્યતા અધર્મ છે. મેલા ધોવાય નહિ તો હિન્દુ ધર્મનો નાશ થાય. અમને ઘણાને તમારી વાત સાચી લાગે છે. પણ માતા-પિતાને ગળે એ વાત ઉતરતી નથી. મારા એક મિત્રે હરિજન સેવા આદરી અટલે તેની મા ઘરમાંથી ભાગી ગઈ તે માંડ મધરાત પછી હાથ આવી. ઘરમાં તો આવી છે, પણ મિત્રને ધર્મસંકટ ઊભું થયું છે. હવે આ મિત્ર શું કરે ? આવું તો ઘણાં યુવકો ને બનતું હશે.''

પ્રશ્નો :

i) રામ અને શ્રવણને માતા-પિતાની સેવાથી શા લાભ-ગેરલાભ થયાં ? 1

StudentBounty.com



ii) મિત્રને હરિજન સેવા કરવાથી શુ નુકશાન થયુ ? 1

iii) મિત્રને શું ધર્મસંકટ ઊભું થયું ? 1

iv) ધર્મ કયો છે ? 1

v) ગદ્ય ખંડનું શીર્ષક આપો ? 1

5. નીચેના પ્રશ્નોના જવાબ માગ્યાં પ્રમાણે આપો.

અ) i) નીચેના વાક્યને નકાર વાક્ય બનાવો

- હું ક્રિકેટ રમીશ 2

ii) નીચેના વાક્યને હકાર વાક્ય બનાવો.

- ભારતમાં વરસાદ નથી. 2

બ) i) વિરુધ્ધાર્થી શબ્દો લખો

1) ઉપર 2) ઉપકાર 2

ii) નીચેના વાક્યમાંથી સંજ્ઞા અને વિશેષણ ઓળખાવો.

હિમાલય ઉંચો પર્વત છે. 2

ક) i) વાક્ય સુધારો

- હું ઘરે સવારે આવ્યો. 2

ii) પ્રશ્ન વાચક બનાવો

આપણે જઈએ 2

ડ) i) લિંગ બદલો

બાપુજી ઉભા છે. 2

ii) વચન બદલો

1) મોર 2) સ્ત્રી 2

iii) રૂઢિપ્રયોગોનો અર્થ આપી વાક્ય પ્રયોગ કરો : 2 + 2

- નાક કપાઈ જવું

- આંખ કાઢવી.

નીચેના ગદ્ય પ્રશ્નોના જવાબ લખો.

6. લેખક કઈ પંચ પટરાણીની વાત કરે છે ? 5

7. લેખક રતિલાલ રૂપાવાળાએ પેટી માં શુ જોયું ? 5

8. પાર્વતીના અવસાદ પછી પ્રભાશંકર કેવું જીવન જીવતા હતા ? 5

નીચેના પદ્ય પ્રશ્નોના જવાબ આપો.

9. મનખાનો મેળો એટલે શું ? 5

10. ''એક લોકો'' શબ્દ પ્રયોગ કવિએ કોના માટે કર્યો છે ? 5

11. કવિ પલને શેની શેની સાથે સરખાવે છે ? 5